The Atmanand Prakash. REGISTERED No. B. 431

Granthamala Office. Khar Gate BHAVNAGAR.

श्रीमद्विजयानन्द सूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायते सत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५ } वीर सं. २४४४ आश्विन-कार्तिक आत्म सं. २२. } अंक ३-४ थो.

प्रकाशक-श्री जैन आत्मानन्द सभा-भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ. ભત્રીજી. (પદ્ય) | ૫૩–૫૪–૭૭ | ૬ | પં. શ્રી દાનવિજયજીનું ભાષણ... | ૬૦ |
| ૨ | પ્રશ્નોત્તર રત્નમાલિકા. ... | ...૫૫ | ૭ | જૈન ઐતિહાસિક સાહિત્ય. | ...૭૮ |
| ૩ | શાસ્ત્ર બોધ. . ... ... | ...૬૭ | ૮ | આસક્તિ રહિત કર્મ. | ..૮૯ |
| ૪ | ભાગ્ય અને કર્મ. ... ... | ૫૭ | ૯ | જૈન એ. બો. અરજી, પુ. ૫. | ૬૮ |
| ૫ | જૈનોમાં ઉન્નતિ અર્થે ઐક્યની જરૂર છે? | ૬૨ | ૧૦ | મહાન પુરૂષો તથા આ સભાના સભાસદનો સ્વર્ગવાસ. | ૭૫-૭[illegible] |


વાર્ષિક મૂલ્ય રૂા. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું-ભાવનગર.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારા સુજ્ઞ ગ્રાહકોને નમ્ર વિનંતિ.

ભાવનગરમાં ચાર માસ થયા પ્લેગ ચાલતો હોવાથી, પ્રેસની અને કારકુનોની અગવડ અને ગેરહાજરીને લઇને ગયા ભાદરવા માસનો અંક બહાર પડતાં વિલંબ થયો હતો, જેથી આશો માસ માટે તેમ થાય તેવું હોવાથી ફરીથી નિયમિત કરવા આશો, કારતક બંને માસના અંકો સાથે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેથી ક્ષમા ચાહીયે છીયે.

---

## પ્રકરણ ગ્રંથો તૈયાર કરવા માટે ઇનામો.

### જૈન એજ્યુકેશન બોર્ડે કરેલો ઠરાવ.

જૂદા જૂદા વિદ્વાનો પાસે નિચેનાં પુસ્તકો તેની સામે મૂકેલા રૂપીઆનું ઓનરેરિયમ આપી હાલની શિક્ષણ પદ્ધતિએ તૈયાર કરાવવાં.

જીવવિચાર રૂ. ૧૦૦, નવતત્વ રૂ. ૨૦૦, કર્મગ્રંથ રૂ. ૩૦૦, દંડક રૂ. ૭૫, બૃહદ્ સંગ્રહિણી રૂ. ૧૫૦, ક્ષેત્ર અર્થ સાર રૂ. ૨૦૦.

આ માટે નિચેનાં નિયમો ઘડવામાં આવ્યા છેઃ—

૧ જે જે હરીફાઇમાં ઉતરવા માગતા હોય તેમણે ઉપરના ગ્રંથ પૈકી એક યા વધારે ગ્રંથો પોતે ચૂંટી તે માટે આઠ ફુલેસકેપ કાગળ જેટલું મેટર નમુના રૂપે લખી તા. ૧૫ મી નવેમ્બર ૧૯૧૭ સુધીમાં સેક્રેટરી પર મોકલાવી આપવું આવશ્યક છે. તેની સાથે પોતે કેવી રીતે કાર્ય કરવા માગે છે તેનું માર્ગસૂચન સ્પષ્ટાકારે કરવું.

૨ તે મેટર દરેકનું આવ્યે બોર્ડ સમક્ષ યા બોર્ડ જે કમિટિ નીમે તે સમક્ષ મૂકી તેમાંથી જે જે યોગ્ય જણાશે તેમને આખા ગ્રંથનું કાર્ય સોંપવામાં આવશે.

૩ તે પ્રમાણે જે ગ્રંથ તૈયાર થશે તે બોર્ડ પોતાના દ્વારા યા બીજી સંસ્થા યા વ્યક્તિ દ્વારા છપાવશે, તેની લગભગ પડતર કીંમત રાખવામાં આવશે, તેનો કોપીરાઇટ બોર્ડને સ્વાધીન છે, એમ સમજવાનું છે.

૪ નમુનાનું મેટર મોકલનારે પોતાનું નામ પોતાના મુદ્રાલેખ સહિત જૂદા કાગળમાં જણાવવું. જ્યારે તેમનો માત્ર મુદ્રાલેખ મેટરના લેખ પર મૂકવો.

મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.<br>
મોહનલાલ દલીચંદ દેશાઇ.<br>
ઓનરરી સેક્રેટરી ઓફ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

---

## જોઇએ છીયે.

શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણા માટે એક અનુભવી સુપરીન્ટેન્ડેન્ટની જરૂર છે, ગ્રેજ્યુએટ અને જૈનને પહેલી પસંદગી મળશે. પગાર લાયકાત મુજબ આપવામાં આવશે નીચેના શીરનામે લખો—

પાયધોની નાં. ૫૬૬<br>
શ્રી ય. વિ. જૈન ગુરૂકુળ હેડ ઓફીસ.

ફકીરચંદ કેસરીચંદ.<br>
ઓ૦ સેક્રેટરી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय--
पदार्थपरिज्ञाने यत्नो विधेयः ॥

पुस्तक १९ ] वीर संवत् २४४३. आश्विन, आत्म संवत् २२. [ अंक ३ जो.


## " प्रभु स्तुति. "

( શિખરણીવૃત. )

મરૂદેવા માતા તન જગહ્ હિતૈષી જીન આ.
વિભૂ આદી સ્વામી ધનુષ સત્પંચે નિજતનૂ !
શોભે લાંચ્છન્ વૃષભ્ પુરવ લખચૌરાશી જીનનું.
અહો આયુવંતા ચરણ લખ પૂર્વક ધનતું ! ૧

વિભો વાંચ્છા ટાળી વરસી તપથી દેહ તપવી !
હતા તિર્થેશે તો પણ અતિ સહ્યાં કષ્ટ તનથી
કીધેલા લાભો તેં સ્મરણવિણ નાથાયજ અણું
વિભો નામી નામી સ્મરણ કરતો ચારીતતણું ૨

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહોહો ! ગુણોના અતિશય સહી વિભુ દરિયા.
ખરી ચારૂતાતો દિસતી અતિ તુંમાંજ જિનઆ
નિરાગી વિહારી ભૂતલપર રૈને વિચરતાં,
અનેકોને તાર્યાં શરણ દઇને નાથ ! ડુબતાં. ૩

ગિરી શત્રુંજ્યને ચરણ તળથી પાવન કર્યો !
નવાણું પૂર્વે શ્રી સમવસરી ટારીજ મળને
નિરાવર્ણો અષ્ટાપદ ગીરી પરે એક ક્ષણમાં !
યુગાદી સ્વામીશ્રી શિવવરી રતિ ચારિનમતો, ૪

**नगीनदास एम, शाह.**

## ભવબાજી

—:o:—

( શું કહું કથનીમારી રાજ—એ રાગ. )

**ભૂલ્યો ભમરા બાજી રાજ, ભૂલ્યો ભમરા બાજી.**
**ભુંડા વ્યર્થ કરે પતરાજી રાજ, ભૂલ્યો.... .... ....ભૂલ્યો૦**

કમળકોષગત ભ્રમર વિચારે, કરશું પ્રયાણ પ્રભાતે,
કાળમતંગજ કરે કોળીયો, હા ! હાર્યો એકાંતે રાજ. ભૂલ્યો૦ ૧
બાજીગર ભવબાજી ખેલે, ચાર ગતી ચોપાટે,
સોળ સોગઠડાં ચૌદિશ માંડયા, સોળ કષાયનાં ઠાઠેરાજ. ભૂલ્યો. ૨
રાગદ્વેષ રંગીત હોય ખાસા, ઉલટસુલટ પડે પાસા,
સુખદુ:ખ દાવ પડે પ્રાણીના, એ સૌ કર્મ તમાસા રાજ. ભૂલ્યો. ૩
ચોગતિરૂપ ચોપાટને જીતી, આત્મા નિજપૂર પેસે,
પરમાનંદ અખંડ જયોતમાં, અજર અમર થઇ બેસે રાજ. ભૂલ્યો. ૪
ભકિત સ્તુતિ વૈરાગ વાસના, સદાચાર શુભ પાળે.
દાન દયાને ઇંદ્રીદમનતા, સ્વર્ગને અપવર્ગ ભાળે રાજ. ભૂલ્યો. ૫
ભવબાજી જીતે કોઇ કાજી, જે હોય પ્રભુને પ્યારા ?
**શાંકળચંદ સમય ફરી ન મળે, પડ પાસા પોબારા રાજ. ભૂલ્યો૦ ૬.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રશ્નોત્તર રત્નમાલિકા.

## (શ્વેતામ્બર ગુરૂશ્રી વિમલેન રચિતા.)

૧ પ્ર૦—આદરવા યોગ્ય શું ? ઉ૦—ગુરૂની હિત શિખામણ (શિક્ષા)
૨ તજવા યોગ્ય શું ? ,, ન કરવાના કામ (અકાર્ય)
૩ ગુરૂ કોણ ? ,, તત્વજ્ઞ તેમજ પરહિત કરવા ઉજમાળ.
૪ વિદ્વાનોએ શીઘ્ર શું કરવું ? ,, ભવ પરંપરાનો ઉચ્છેદ (જન્મ મરણનો અંત.)
૫ મોક્ષનો ઉપાય શો ? ,, સમ્યગ્ (યથાર્થ) જ્ઞાન અને સદ્ધર્તન.
૬ પરભવ જતાં ભાતું શું ? ,, ભાવ સહિતદાન, શીલ અને તપ (ધર્મ)
૭ આ લોકમાં પવિત્ર કોણ ? ,, જેનું મન પવિત્ર-નિર્મળ હોય તે.
૮ પંડિત કોણ ? ,, વિવેકવાન્
૯ વિષ (હાલાહલ ઝેર) કયું ? ,, ગુરૂનું અપમાન (આસાતન)
૧૦ મનુષ્યપણાનો સાર શું ? ,, સ્વપર હિત કરવા સદા સાવધાનતા.
૧૧ મદિરાના પેરે મૂર્છિત કરનાર કોણ ? ,, સ્નેહ-રાગ.
૧૨ આત્મ ધન લૂટનારા ચોર કોણ ? ,, શબ્દ, રૂપ, રસાદિ વિષયો.
૧૩ ભવને વધારનાર કોણ ? ,, તૃષ્ણા.
૧૪ અહિતકારી દુશ્મન કોણ ? ,, પ્રમાદ-આળસુજ.
૧૫ જગતના જીવો શાથી બીહે છે (કંપે છે) ? ,, મરણથી.
૧૬ જાતિ અંધથી આકરો કોણ ? ,, રાગાન્ધ.
૧૭ ખરો શૂરવીર કોણ ? સ્ત્રીના કટાક્ષ બાણથી જે અવ્યથિત(અપરાજિત) છે.
૧૮ કર્ણ પુટવડે પીવા યોગ્ય અમૃત શું ? સદ્ ઉપદેશ.
૧૯ પ્રભુતાનું મૂળ શું ? કોઇની પાસે પ્રાર્થના-દીનતા ન કરવી તે.
૨૦ અતિ ગહન-ગૂઢ શું ? સ્ત્રી ચરિત્ર.
૨૧ ચતુર કોણ ? જે સ્ત્રી ચરિત્રથી ન છેતરાય-ઠગાય-ખંડાય તે.
૨૨ દાલિદ્ર કયું ? અસંતોષજ.
૨૩ લઘુતા કઇ ? યાચના.
૨૪ ખરૂં જીવિત (જીવતર) કયું ? નિર્દોષ-(**પાપ**-કલંક રહિત)
૨૫ જડતા કઇ ? છતી શકિત-બુદ્ધિએ આળસ કરવી (અભ્યાસ ન કરવો) તે.
૨૬ જાગતો કોણ ? વિવેકી (જેને હિતાહિતનું યથાર્થ ભાન થયું છે તો)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭ નિદ્રા કઈ ? જીવની મૂઢતા (અજ્ઞાન દશા)
૨૮ અતિ ચપલ શું ? જોબન (જુવાની) લક્ષ્મી અને આયુષ્ય.
૨૯ ચંદ્રના કિરણ જેવા શીતળ કોણ ? સજ્જન–સત્પુરૂષોજ.
૩૦ ખરી નરક કઇ ? પરવશતા–પરતંત્રતા–પરાધીનતા.
૩૧ ખરૂં સુખ કયું ? સર્વ સંગત્યાગ–વૈરાગ્ય.
૩૨ સત્ય કયું ? પ્રાણીને હિતરૂપ થાય તે.
૩૩ પ્રાણી માત્રને પ્રિય શું ? નિજ પ્રાણ.
૩૪ ખરૂં દાન કયું ? ફળની ઇચ્છા રહિત દેવાય તે.
૩૫ ખરો મિત્ર કયો ? પાપથી પાછો નિવર્તાવે અને ધર્મમાં જોડે તે.
૩૬ ખરૂં આભૂષણ કયું ? શીલ–સદાચરણ.
૩૭ વાણીનું ભૂષણ શું ? પ્રિય અને પથ્ય (હિતરૂપ) સત્ય.
૩૮ અનર્થ કારી શું ? અસ્ત વ્યસ્ત (અવ્ય વસ્થિત) મન.
૩૯ સુખ–શાંતિકારી શું ? સર્વ હિત ચિન્તવન રૂપ મૈત્રી.
૪૦ સર્વ દુ:ખનાશક શું ? સર્વ વિરતિ ચારિત્ર (આત્મ નિગ્રહ).
૪૧ અંધ કોણ ? અકાર્યમાં રક્ત રહે તે.
૪૨ બધિર (બેરો) કોણ ? હિત વચન ન સાંભળે તે.
૪૩ મૂગો કોણ ? અવસરે પ્રિય બોલી ન જાણે તે.
૪૪ મરણ કયું ? મૂર્ખપણું–મૂઢતા.
૪૫ અમૂલ્ય શું ? જે ખરી તકે દેવાય તે.
૪૬ મરણ પર્યન્ત સાલે શું ? છાનું કરેલું અકાર્ય (પાપ).
૪૭ કયાં ઉદ્યમ કરવો ? વિદ્યાભ્યાસ સદ્ ઔષધ અને દાન માર્ગમાં.
૪૮ ઉપેક્ષા કયાં કરવી ? દુર્જન, પરસ્ત્રી અને પરધન વિષે.
૪૯ સદા શું ચિન્તવવું ? સંસારની અસારતા ચિન્તવવી પણ પ્રમદા નહિં.
૫૦ વ્હાલી કોને કરવી ? કરૂણા દાક્ષિણ્યતા અને મૈત્રી.
૫૧ કંઠગત પ્રાણે પણ કોને વશ ન થવું ? મૂર્ખ, ખેદ, ગર્વ અને કૃતઘ્નને.
૫૨ પૂજ્ય કોણ ? સદાચરણ વંત–સુચારિત્ર (અખંડ ચારિત્રવંત).
૫૩ કમનશીબ કોણ ? કુશીલ–દુ:શીલ અથવા ચારિત્ર–આચાર ભ્રષ્ટ.
૫૪ જગતને કોણ જીતી શકે ? સત્ય અને ક્ષમાવંત પુરૂષ.
૫૫ દેવો પણ કોને અત્યન્ત ભાવે નમે છે ? દયા પ્રધાન–અત્યંત દયાળુને.
૫૬ સુજ્ઞજનોએ શાથી વિરક્ત રહેવું ? સંસાર અટવી થકી.
૫૭ પ્રાણીઓ કોને વશ થઈ રહે ? સત્ય અને પ્રિયભાષી વિનીત જનને.
૫૮ પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ માટે કયાં સ્થિતિ કરવી ? ન્યાયના માર્ગમાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫૯ વિજળી જેવાં ચપળ કોણ ? દુર્જનની સંગતિ ગોઠ અને સ્ત્રી જાતિ.
૬૦ કલિકાળમાં પણ મેરૂ પર્વત જેવા નિશ્ચળ કોણ ? સત્ પુરૂષો (સજ્જનો)
૬૧ છતે પૈસે શોચવા યોગ્ય શું ? કૃપણતા—કંજૂસવેડા—બખીલાઇ.
૬૨ ઘણું થોડું ધન છતે પ્રશંસવા યોગ્ય શું ? ઉદારતા.
૬૩ પ્રભુતા—અધિકાર છતે પ્રશંસવા યોગ્ય શું ? સહનશીલતા—ક્ષમા.
૬૪ ચિન્તામણિ રત્ન જેવી દુર્લભ કઈ ચાર શુભ વસ્તુ જ્ઞાની પુરૂષો વિશેષ વખાણે છે ? (૧) પ્રિય—મિષ્ટ વચન સહિત દાન, (૨) ગર્વ—મદ રહિત જ્ઞાન, (૩) ક્ષમા સહિત શૌર્ય, અને (૪) ત્યાગવૃત્તિ—ઉદારતા સહિત લક્ષ્મી એ ચાર શુભ વસ્તુનો સંયોગ પ્રાપ્ત થવો દુર્લભ છે.

ઇતિશમ્.

ઉપરોક્ત નિર્દોષ પ્રશ્નોત્તર આલાને જે ભવ્યાત્માઓ કંઠગત કરશે તેઓ અન્ય આભરણો વગર પણ વિદ્વાનોની સભામાં શોભા પામશે. નીર્મળ રત્નમાળાની જેવી આ પ્રશ્નોત્તરમાળા વિમલ નામના શ્વેતામ્બર ગુરૂ શ્રીએ વિરચી છે તે કંઠગત કરી છતી કોને વિભૂષિત ન કરે ? અપિતુ કંઠગત કરનાર (હૃદયે ધારનાર) સહુ કોઇ ભવ્યાત્માઓને તે વિભૂષિત કરજ. ઘણી સુગમતાથી ગંભીર પ્રશ્નોના ઉત્તર આ લઘુ ગ્રંથમાં આપેલા છે તેના ઉપર સારી રીતે મનન કરી હંસવત્ સારગ્રાહી બની સહુ કોઈ સ્વશ્રેયઃ સાધો !

યોજક,

મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.

ઇતિશમ્.

## ભાગ્ય અને કર્મ.

:o:

લેખક—જગજીવન માવજીભાઇ કપાસી.

મનુષ્યને પોતાના કાર્યમાં અથાગ પરિશ્રમ કર્યા છતાં પણ જ્યારે નિષ્ફળતા મળે છે ત્યારે મનુષ્યને ભાગ્યનો દોષ કાઢતાં વારંવાર આપણે સાંભળીએ છીએ, તે કેટલીક વખતે એમ બને છે પણ ખરૂં કે મનુષ્ય પોતાની ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ માટે અનેકવિધ પ્રયત્નો કરે છે તો પણ તેમાં સફળતા પ્રાપ્ત કરવા તે નિષ્ફળ નીવડે છે, આવા પ્રસંગે મનુષ્યને કોઇ ઇતર સત્તા ઉપર વિશ્વાસ રાખવો પડે છે અને તે કેટલીક વખત તે સત્તાને કંટાળી ગયેલ મનુષ્ય દોષ આપે છે. સર્વ કોઇ ઉપર્યુક્ત સત્તાને ભાગ્ય નામથી સંબોધે છે. ભાગ્ય અથવા ભાવી અથવા નસીબ ઉપર માનવ સમાજ જ્યારે આધાર રાખે છે; ત્યારે તે વિષે આપણે વિવેચન કરવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસ્તુત વિવેચનમાં ઉતરતાં પહેલાં વિશ્વની રચના કેવી રીતે થયેલી છે તે જાણવાની પ્રથમ આવશ્યકતા છે અને એક વખતે આપણાં ધ્યાનમાં વિશ્વનું યંત્ર કેવીરીતે ચાલે છે એ ઉતરી ગયું એટલે ભાગ્ય વિષે વિવેચન કરવાની પણ બહુજ સરળતા થઇ પડશે.

વિશ્વની રચના વિષે જૂદી જૂદી માન્યતા અસ્તિત્વ ધરાવે છે. હવે જે માન્યતા અસ્તિત્વમાં છે, તેનાથી કોઇ ભિન્ન માન્યતા અત્રે અમે દર્શાવતા નથી; પરંતુ એ સર્વ માન્યતાની સાથે એક માન્યતા કે જે યુક્તિપુરસ: છે, તે અત્ર દર્શાવવામાં આવે છે.પ્રથમ એક માન્યતા એવી છે કે "જગતની શરૂઆત પહેલાં એક તત્ત્વ હતું. તે તત્ત્વને ઇશ્વર એવી સંજ્ઞાથી ઓળખવામાં આવે છે. એ તત્ત્વ એટલે ઇશ્વરે एकोऽहं बहुस्याम, એવી ઇચ્છા કરીને આ જગત ઉપસ્થિત થયું." ઇશ્વરે શામાટે આવી ઇચ્છા કરી એમ પૂછતાં ઉપર્યુક્ત માન્યતાવાળાં લોકો તેનો યથાર્થ ઊત્તર આપી શકતાં નથી. તેઓનું કહેવુ એવું છે કે ઇશ્વરની ક્રિયા મનુષ્યની સમજણ શક્તિની બહારનો વસ્તુ હોવાથી એમાંશંકા ધરવી એ ઉચિત નથી.

આ માન્યતા હિંદુ ધર્માનુયાયીની છે, છતાં એટલુ તો પૂછ્યાં સિવાય ચાલતું નથી કે આ માન્યતા યુક્તિ પુરસ: છે કે નહિ? અને તે ગમે તેવા તટસ્થ મનુષ્યના ગળે ઉતરી શકે તેવી પણ છે કે નહિ ? શ્રદ્ધાવાન મનુષ્યો તો ગમે તેવી માન્યતાને સાચી માને, એ સંભવિત છે. પરંતુ તેવા મનુષ્યોની જે માન્યતા હોય છે તે હંમેશા સત્યજ હોય છે, એવો કાંઇ નિયમ નથી. આ માન્યતાને સાચી કે ખોટી ઠરાવવા કરતાં અન્ય મતાવલંબીની શું માન્યતા છે, તે વિચારીએ. જૈન ધર્માનુયાયીની જગતની રચના સંબંધી એવી માન્યતા છે કે જગતનો આદિ કે અંત નથી. તે સ્વાભાવિક છે એટલે તેનો કોઇ કર્તા નથી. અમુકજ ઇશ્વર અથવા પરમાત્મા છે, એવું પણ નથી. મનુષ્યમાત્ર પ્રયત્ન કરે તો પરમાત્મપદને પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યોને સારા અથવા ખરાબ ફળો મળે છે, તેનું કારણ તેઓના કૃતકર્મો છે. આ માન્યતા સાચી છે, એમ માનવાનો અમારો દુરાગ્રહ નથી. પરંતુ વસ્તુ સ્વરૂપથી તે તરતજ સમજાશે. જો વિવેકી અને તટસ્થ વૃત્તિવાળાં મનુષ્યો આ ઉભય માન્યતાની તૂલના કરશે તો તેમને બન્નેમાંથી કયું સત્ય છે, એ સહજમાં જણાઇ આવશે. જગત કોણે રચ્યું અથવા તેનો રચનાર છે કે નહિ, તે વિષે વધુ વિવેચનમાં ઉતરવાનો પ્રસ્તુત સમય નહિ હોવાથી અત્ર વાદાવાદમાં ઉતરવાનું ઉચિત લાગતું નથી. આટલાં સંક્ષિપ્ત વિવેચન ઉપરથી કહેવાનો આશય એવો છે કે જગતમાં એક સત્તા પ્રવર્તી રહેલી છે અને તેનાથી જગતનું તંત્ર ચાલે છે. તે સત્તા એ કર્મફળપ્રદાતી સત્તા છે. મનુષ્ય જેવાં પ્રકારનાં કર્મો કરે છે, તેવાં પ્રકારનાં ફળ તેને આગામી જીવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમાં અથવા આગામી જન્મમાં અવશ્ય મળે છે. બાવળનું બીજ વાવવાથી જેમ બાવળનું વૃક્ષજ થાય છે, તેમ ખરાબ કર્મનું ખરાબ અને સારાં કર્મનું સારૂં ફળ મળે છે પ્રાણીમાત્રને આ સત્તાને વશવર્તીને ચાલવું પડે છે. આ કર્મફલપ્રદાતી સત્તાનું સામર્થ્ય જગતમાં સામ્રાજ્ય ભોગવે છે. કર્મફલપ્રદાતી સત્તા ગમે તેટલી સામાર્થ્યવાન હોય પણ મનુષ્યોએ તેનાથી ડરવાનું નથી. કારણકે કર્મનો કર્ત્તા મનુષ્યનો આત્મા જ છે. આપણે કહી ગયા કે મનુષ્ય જેવા પ્રકારનું કર્મ કરે છે, તેવાં પ્રકારનું ફળ તેને મળે છે; એટલે કર્મનો કર્ત્તા મનુષ્ય ઠરે છે. કેવા પ્રકારનું કર્મ કરવું એ મનુષ્યના અધિકારની વાત હોવાથી મનુષ્યો સારાં કર્મો કરે તો તેમને સારાં ફળો મળે એ નિસંશય છે. કર્મની સત્તા ગમે તેટલી બલવાન હોય તો પણ મનુષ્યમાં રહેલાં ચૈતન્યની શક્તિ તેનાથી પણ અગાધ છે. ચૈતન્યની અથવા આત્માની આટલી અગાધ શક્તિ શા માટે ક્યાંયે પ્રગટ દેખાતી નથી, એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. ખરાબ કર્મોના ભારથી આત્મા જ્યાં સુધી દબાયેલો રહે છે, ત્યાં સુધી તેનું અનંતવીર્ય પ્રગટતું નથી. આકાશમાં જ્યારે વાદળાં છવાઈ જાય છે, ત્યારે જેમ સૂર્યનાં દર્શન દૂર્લભ થઇ પડે છે; તેમ કર્મોથી આત્મા જ્યાં સુધી આચ્છાદિત રહે છે, ત્યાં સુધી આત્માનું અનંતવીર્ય પ્રગટતું નથી. વાદળાંનો નાશ થતાં સૂર્ય જેમ પૂર્ણ પ્રકાશમાન થાય છે, તેમ જ્યારે આત્મા જડકર્મોથી મુકત થાય છે ત્યારે તેને અનંત સુખ અને શાંતિનું ભાન થાયછે અને પરમાત્મા સ્વરૂપ બને છે. પ્રાણીઓ માત્રમાં વિરાજી રહેલા આત્માની તેટલીજ અનંત શકિત છે. પરંતુ તે શકિતનો વિરાજી થયો નથી, ત્યાં સુધી મનુષ્યો દુ:ખી, કંગાલ અને આશાહિન જણાય છે.

જેવાં કર્મ કર્યાં હશે તેવાં ફલ ભોગવશો અને ભાગ્યમાં લખ્યું હશે તેમ થશે, એ બે ઉકિતઓનો ભાવાર્થ એકજ છે; કારણકે ભાગ્ય અને કર્મ વસ્તુત: જૂદી જૂદી વસ્તુઓ નથી. કરેલાં કર્મના ભોગનો ઉદય એટલે કરેલાં કર્મનું ફળ એ ભાગ્ય છે. ભાગ્ય અને કર્મનો શું સંબંધ છે, તે વિચારીએ. માનવસમાજમાં ઘણો ભાગ भाग्यं फलति सर्वत्र न च विद्या न च पौरूषम् । એ માન્યતાને પ્રધાન ભૂત ગણતો જોવામાં આવે છે. ન્હાની ન્હાની બાબતોમાં પણ ભાગ્યમાં હશે તેમ થશે. એમ વારંવાર મનુષ્યોના મુખમાંથી નીકળતા શબ્દો આપણે સાંભળીએ છીએ. આ માન્યતા કેટલે અંશે સત્ય છે, એનો પ્રથમ વિચાર કરીએ. ઘણાં મનુષ્યોની એવી માન્યતા છે કે મનુષ્યને સંસારમાં જે સુખ દુ:ખ મળે છે અથવા તેના દ્વારા જે સારા અથવા ખરાબ કાર્યો થાય છે, એ સર્વ ઉપર મનુષ્યનો કાંઈ અધિકાર નથી આ સર્વની યોજના પ્રથમથી થયેલી હોય છે. મનુષ્યના સુખ દુ:ખ આદિ તેના પૂર્વજન્મના સારા અથવા ખરાબ કૃત્યો ઉપર અવલંબીને રહે છે. જગત અનંત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાલથી અસ્તિત્ત્વમાં છે અને અત્યાર સુધીમાં પ્રત્યેક પ્રાણીના અસંખ્ય જન્મો થઈ ચૂકયા હશે. એક જન્મમાં મનુષ્ય જે કાંઇ કરે છે, તેનું ફળ તે એક અથવા અધિક જન્મમાં ભોગવે છે. માનવસમાજની આ માન્યતા સાચી છે અને પ્રાણીમાત્રને પોતાનાં કૃતકર્મો ઉપર આધાર રાખવો પડે છે, એ પણ સત્યજ છે. પરંતુ એ માન્યતા વિષે યથેષ્ટ વિચાર કરવાનો મનુષ્યનો સ્વભાવ હોવાથી આપણે પણ કાંઇક ઉહાપોહ કરીએ તો અનુચિત નહિ ગણાય.

શું મનુષ્યના સર્વ કાર્ય સંપૂર્ણપણે ભાગ્ય ઉપરઅવલંબિત છે કે ? ઉતર– ભાગ્ય તેની સાથે બીજા કારણોની પણ અપેક્ષા છે ? આ પ્રશ્નોમાં વધારે નહીં ઉતરતા તેના પ્રકાર સૌભાગ્ય અને દુર્ભાગ્ય ઉપર પણ વિચાર કરવાની આવશ્યકતા છે. સંપત્તિ, અધિકાર, રૂપ, બલ અને બુદ્ધિ મનુષ્યને માટેસુખપ્રદ છે અને તેને લોકો સૌભાગ્યનુ ચિન્હ ગણે છે. તેની વિરૂદ્ધ દરિદ્રતા, પરાધિનતા, કુરૂપતા, નિર્બલતા અને મૂર્ખતા આદિને દુર્ભાગ્ય સૂચક માનવામાં આવે છે, ભાગ્ય સંબંધી પ્રશ્નનું એક બીજું પણ અંગ છે. પોતપોતાની પરિ સ્થિતિની અનુસાર સૌભાગ્ય અથવા દુર્ભાગ્યની ગણના કરવામાં આવે છે. જો એક એક પાઈ માગવાવાળા ભિખારીને એક રૂપીઓ મળી જાય તો તે પોતાને મોટો ભાગ્યશાળી સમજે છે; પરંતુ એકજ રૂપીઓ કોઈ રાજા મહારાજાને ભેટ કરવામાં આવે તો રાજાસાહેબને એવા એક રૂપીઆની દરકાર હોતી નથી, સંસાર પ્રતિ આપણે દ્રષ્ટિ કરીએ છીએ ત્યારે કેટલાક મનુષ્યો સુખી હોય છે અને કેટલાક દુ:ખી હોય છે, એમ જણાય છે. કહેવાનું તાત્પર્થ એ છે કે અનુકૂળ એવી સ્થિતિને જનસમાજ સૌભાગ્ય કહે છે અને પ્રતિકૂળ સ્થિતિને દુર્ભાગ્ય કહે છે. ભાગ્ય એ બીજું કશુંજ નથી પણ મનુષ્યોએ કરેલાં કર્મોનું ફળ એજ ભાગ્ય છે. ભાગ્ય અથવા કર્મ ઉપર મનુષ્ય પોતાનું સ્વામિત્ત્વ સ્થાપી શકે અને તેને પોતાની સ્થિતિને અનુકુળ કરીલે એટલી શક્તિ મનુષ્યમાં છે. તમે જો સુકૃત્યો કરતાં રહેશો અને દુષ્કૃત્યોને સ્વપ્નમાં પણ સંભારશો નહિ તો તમને સારાં ફળો પ્રાપ્ત થશે અને ભાગ્યશાલી કહેવાશો. દુષ્કૃત્યોનું જો સેવન કરશો તો તમે દુ:ખી થશો, એ પણ નિશ્ચયથી માની લેજો. આ ઉપરથી સફલતા અને નિષ્ફળતાનો આધાર મનુષ્યોના કર્મો ઉપર રહેલો છે, એ સ્પષ્ટ સમજાય છે, તમે કોઇપણ મનુષ્યને દુ:ખી કરવા ઇચ્છો અને તે માટે તમે તમારી સર્વોત્તમ શક્તિનો ઉપયોગ કરશો તો પણ તમે તમારા તે કાર્યમાં ભાગ્યેજ સફળતા પ્રાપ્ત કરી શકશો. કદાચ તમે તમારા તે દુષ્ટકાર્યમાં સફલ થાઓ તોપણ અંતે તો તમે તે મનુષ્યનું જે અહિત કર્યું હોય છે તેનાથી પણ વિશેષ અહિત તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારૂં પોતાનુંજ થાય છે. અન્યનું અહિત કરી એટલે કે અમુક પ્રકારનું ખરાબ કર્મ કરી તમારૂં કલ્યાણ સાધવા તમે જો ઈચ્છા ધરાવતાં હશો તો એ ઈચ્છામાં તમે નિરાશજ થશો. સફલતા પ્રાપ્ત કરવામાં સત્કર્મની પ્રથમ આવશ્યકતા છે. સારા કર્મ કરશો તો સારૂં ભાગ્ય રચી શકશો અને સારા ભાગ્યના ફળ પણ સારાજ મળશે.

કેટલાંક મનુષ્યો સર્વ કાર્યોને ઇશ્વરીય પ્રેરણાનું ફળ સમજે છે અને પોતાનાં સુખ દુઃખનો આધાર ઇશ્વર ઉપર અવલંબિત છે, એમ માને છે. જે ઇશ્વરને પરમ ન્યાયશીલ, સત્યતા અને સાત્વિકતાની પૂર્ણ મૂર્તિ, દયાના સાગર અને શાંતિના દાતા માનવામાં આવે છે, તે ઇશ્વરને પોતાના ગમે તેવા અધમ કાર્યના પ્રેરક અને વિધાતક ઠરાવવા, એ કેટલું મૂર્ખતા ભરેલું છે? એક મનુષ્યને સુખી અને બીજા મનુષ્યને દુઃખી કરવામાં ઇશ્વરનો શું શુભ હેતુ સમાયેલો છે, તે સમજી શકાતું નથી. ઇશ્વરને મનુષ્યના સુખ દુઃખની સાથે કાંઈ સંબંધ નથી. કર્મ એજ મનુષ્યના સુખ દુઃખનો હેતુ છે. સારાં કર્મો કરશો તો સુખી થશો અને નઠારાં કર્મો કરશો તો દુઃખી થશો, એમ વારંવાર કહેવાની હવે જરૂર જણાતી નથી. ભાગ્ય અથવા કર્મ ઉપર સુખ દુઃખનો આધાર છે, એ સાચી વાત છે; પણ માત્ર તે માન્યતા ઉપર આધાર રાખી બેસી રહેવાથી તમે તમારૂં હિત કરી શકશો નહિ. પુરૂષાર્થ અને ઉદ્યોગ એજ તમારૂં કર્તવ્ય હોવું જોઇએ. તમારો ઉદ્યોગ સુકૃત્યોમાં થયો જોઈએ એ ધ્યાનમાં રાખશો તો તમે તમારૂં હિત સહજમાં કરી શકશો. ઉપર ઇશ્વરને મનુષ્યનાં સુખ દુઃખની સાથે કાંઈ સંબંધ નથી એમ લખવામાં આવ્યું છે; એ ઉપરથી ઇશ્વરની અથવા પરમાત્માની પૂજા ભક્તિ ન કરવી, એમ લેખકનું કહેવું નથી. ઇશ્વરની પૂજા, તેની ભક્તિ, તેનું સ્મરણ કરવું અને તેણે દર્શાવેલા માર્ગે ચાલવું, એ આપણું પરમ કર્ત્તવ્ય છે. આપણે જીવનમાં, વ્યવહારમાં અને અધ્યાત્મમાં સફળતા મેળવવા ઈચ્છાતુર છીએ; તો જે મહાન પુરૂષોએ સર્વ પ્રકારની સફળતા પ્રાપ્ત કરી હોય, તે મહાત્માઓની સેવા–ભક્તિ કરીએ, બહુ માન કરીએ અને તેમનાં અનેક ગુણોનું અનુકરણ કરતાં શીખીએ તો આપણે પણ સર્વોત્તમ સફળતા પ્રાપ્ત કરી શકીએ, એ સંભવનીય છે. એક મહાન્ જૈનાચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરિના શબ્દોમાં કહીએ તો—

पक्षपातो नमे वीरे न द्वेषो कपीलादिषु।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहाः॥

એટલે મહાવીરમાં મારો પક્ષપાત નથી અને કપિલ આદિ અન્ય દર્શનના પ્રણેતામાં મારો દ્વેષ નથી; પરંતુ જેનું વચન યુક્તિવાળું છે તે ગ્રહણ કરવા લાયક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગ્ય અને કર્મ વિષે ઉપર જે વિવેચન કરવામાં આવ્યું છે, તે ઉપરથી વાંચકો સહજમાં સમજી શકશે કે મનુષ્યો જે કેવળ ભાગ્ય અને કર્મ ઉપર આધાર રાખી બેસી રહે છે, તેઓ પોતાની ઉન્નતિ સાધી શકતાં નથી ભાગ્ય અને કર્મને રચનાર મનુષ્ય પોતેજ હોવાથી તે ઇચ્છાનુકુળ ભાગ્યને રચી શકે છે. માટે દરેક સુખી થવા ઇચ્છનારા મનુષ્યોએ ભાગ્ય અને કર્મને પોતાના અધિકારમાં રાખી સુકર્ત્તવ્યો કરવાં કે જેથી સર્વોત્તમ સફળતા પ્રાપ્ત કરી શકાય.

# જૈનોમાં પોતાની ઉન્નતિ અર્થે શું ઐક્યતાની જરૂર છે?

——:( o ):——

સમાજ કહો, સંઘ કહો, જ્ઞાતિ કહો, કોમ કહો, તે એ જ હોઇ તે એક મહાન્ શક્તિ છે. તે ધાર્મિક અને સાંસારિક ઉન્નતિનું ઊંચામાં ઉચુ સાધન છે. મનુષ્યસ્વરૂપનો ઇતિહાસ સમાજથીજ બંધાય છે. વિશ્વનિયમનું યથાર્થ પ્રતિબિંબ સમાજથીજ પડી શકે છે. ધાર્મિક અને સાંસારિક સુધારાના બળને યોજનાર સમાજજ છે. દુરાચારી અને દુરાગ્રહી લોકોનુ નિયમન સમાજથીજ થઇ શકે છે. જે કાર્ય કોઇ કરી શકતું નથી, તે કાર્ય સમાજ કરી શકે છે. મનુષ્યજાતિની સહજ પ્રકૃતિમાં પણ એવો નિયમ જણાઈ આવે છે, જેથી કરી સ્વચ્છંદે ચાલી શકાય એવો આચાર કોઈપણ તુરત પકડી લેછે, જેમાં કાંઇ સંકોચ વેઠવો પડે તેવો સદાચાર તેટલીજ સરળતાથી ગ્રહણ થતા નથી. તેથી તેનું નિયમન કરવાને માટે સમાજની આવશ્યકતા છે. એવા સમાજનું સ્થાપન કરી તેનું ઐક્ય સંપાદન કરવું એ પ્રત્યેક કોમને માટે અત્યંત ઉપયોગી છે. સામાજિક ઐક્યતાની અદ્ભૂત શક્તિથી મોટા મોટા અસાધ્ય કાર્યો સાધી શકાય છે. જ્યાં સામાજિક ઐક્યતા નથી ત્યાં સર્વ પ્રકારની શિથિલતા જોવામાં આવે છે. સાંપ્રતકાળે જૈન વર્ગમાં ઐક્યતા થવા માટે સંપની પૂરેપૂરી ન્યૂનતા જોવામાં આવે છે. જૈન કોન્ફરન્સનો ઉત્સાહ કાંઇક મંદ થયા પછી જૈનોના સામાજિક ઐક્યતા મેળવવાનું બીજું યોગ્ય સાધન ઉપલબ્ધ થયું નથી અને તેથી જૈન કોમની જોઇએ તેટલી સ્થિતિસ્થાપકતા રહી નથી.

ઐક્યતાથી કેવા કેવા મહત્ત્વના કાર્યો થઇ શકે છે, તે મનનપૂર્વક વિચારવાનું છે. સમાજની સ્થિતિ શિવાય કોમના નરરત્નો, ગુણીજનો, ધર્મવીરો, અને દાનવીરો આગળ પડી શકતા નથી. તેમજ જેઓ સામાજિક સેવા કરવાની ઇચ્છા ધરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનારા હોય છે, તેઓને પણ સારી તક મળતી નથી. સામાજિક સેવા જનસમૂહના અધિકારનું ઘણું અગત્યનું કાર્ય છે. દરેક પ્રજા ઉપર સમાજનો હાથ અંકિત થયેલો હોય છે અને સમાજની સત્તા તે દરેક કોમ ઉપર નિયમ–સત્તા ચલાવનાર યંત્ર છે. સમાજની ઐક્યતાને લઈને ભવિષ્યની પ્રજાના ચારિત્રનો પાયો ખોટ વિનાનો મજબૂત બંધાય છે. સમાજના ધોરણ સાથે ઉછરતી પ્રજા કોઈ ઉત્તમ ચારિત્રથી અંકિત થયા વિના રહતી નથી. જૈન પ્રજામાં આજકાલ ઐક્યતા સંપ જોવામાં આવતો નથી, તે તેની ઉન્નતિના અટકાવનું મોટું કારણ છે. ઉન્નતિના બીજા અનેક ઉપાયો યોજવામાં આવે પણ જ્યાં સુધી જૈન વર્ગને સામાજિક ઐક્યતા મળશે નહિ, ત્યાં સુધી તે ઉપાયો તદ્દન નકામા છે. મનુષ્ય પ્રજાના જીવનસુખના સામાન્ય સાધનો પણ સામાજિક બળ શિવાય મેળવી શકાતા નથી. સામાજિક બળથી દરેક પ્રજાની સર્વ પ્રકારની સગવડો પૂરી પાડે છે. જૈનપ્રજા તેની વ્યાપારિક શક્તિને માટે વખણાય છે, એ શક્તિ ખીલવવા માટે જે શિક્ષણની અને સાધનની જરૂર છે, તે જરૂરિયાત સામાજિકઐક્યતા શિવાય પૂરી થઇ શકે તેમ નથી. દક્ષિણહિંદુસ્તાનનો એક સંસ્કૃત વિદ્વાન્ સમાજના લાભને માટે લખે છે:—

" सामाजिकबलयुताः ऐक्यच्छाय समाश्रिताः
जना ये तत्सहायार्थं देवा अपि कृतादराः ॥ "

"જે પુરૂષો સામાજિક બળવાળા છે અને જેઓ ઐક્ય–સંપની છાયાનો આશ્રય કરી રહેલા છે, તેવા પુરૂષોને દેવતાઓ પણ આદરથી સહાય કરવા તૈયાર થાય છે."

આવા સામાજિકઐક્યને માટે કોને ઇચ્છા ન ઉત્પન્ન થાય? જૈનવર્ગે તે અનુપમ બળ મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. સામાજિકબળના પ્રભાવથી અંદર અંદર સંપની વૃદ્ધિ થશે, સ્વતંત્ર વિચારનો માર્ગ ખુલ્લો થશે, કોમમાં ઉત્પન્ન થયેલા શોધક, બોધક, વિવેચક વિચારક, વિદ્વાન્ અને ધાર્મિક નરો આગળ પડી શકશે. જે નરરત્નો આખી કોમને તેજોમય કરનારા હશે, તેઓ જાહેર રીતે પ્રકાશમાં આવી શકશે. ટુંકામાં સામાજિકઐક્યના યોગથી ભાવિ અભ્યુદયના આરંભનો સમય પૂર્ણ રીતે દર્શન આપશે.

વર્ત્તમાનકાલે જૈનસમાજની સ્થિતિ શિથિલ થવાથી, અંદર અંદર કુસંપ અને અવિશ્વાસના બીજ રોપાવાથી જૈનકોમને ઘણી હાનિ થઈ છે અને થાય છે. ઉચ્છૃંખલતા ઉભરી ગઈ છે, ધર્મભાવના મંદ પડી ગઈ છે, નિરૂદ્યમી વર્ગ બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવાથી દારિદ્રનો પ્રભાવ વધ્યો છે, ઉપયોગી શોધ આદિ કાંઇ થતું નથી. ઉદર-નિર્વાહની પણ ઘણે ભાગે વિડંબના પડવાથી. કેવળ સ્વાર્થવૃત્તિ ઉત્તેજિત થતી જાય છે. સ્વાર્થપરાયણતાથી ધર્મ, નીતિ અને આચારનું સ્વરૂપ ભ્રષ્ટ થવા લાગ્યું છે, તેના મૂળ કારણની જો ખરી શોધ કરવામાં આવે તો અવશ્ય જણાશે કે, જૈન પ્રજામાં સામાજિક ઐક્યતાનાં અભાવને લઇનેજ આ બધું બન્યું છે.

સામાજિકઐક્યના પ્રભાવથી ભારતવર્ષમાં બલવતી ગણાતી જૈનપ્રજા કેવા કેવા મહાન્ કાર્યો કરી શકે એ વાતનો નિર્ણય કલ્પનાજ આપી શકશે. સામાજિક ઐક્યથી બલિષ્ટ બનેલી જૈનપ્રજા પોતાનું જૈનત્વ શુદ્ધરૂપે વિકાસિત કરી શકશે અને આખી કોમની મર્યાદા બાંધવાની યુક્તિઓ રચી શકશે. સામાજિકબળ અને જૈનત્વ—ઉભયનું એકાકાર મિશ્રણ થયા વિના જૈનત્વ પુનઃ પૂર્વ સ્થિતિએ પ્રકાશનાર નથી, એ નિશ્ચયથી જાણી લેવું. ધર્મ, વ્યવહાર આદિ સમાજના અંગો જો નિરાબાધ રાખવા હોય, તેમની વચ્ચે આવી પડતા અંતરાયો દૂર કરવા હોય અને આખી કોમમાં સર્વત્ર સમાનતા—પ્રેમભાવ અને મર્યાદા—શાંતિ પ્રસરી રહે તેવી ઘટના કરવી હોય તો જૈનોએ સામાજિક ઐક્યતા અવશ્ય મેળવવી જોઇએ.

પ્રાચીન પદ્ધતી પ્રમાણે સંઘ એ સામાજિક બળનું સ્વરૂપ છે, તથાપિ વર્ત્તમાનકાલે નવીન કેળવણી પામેલા લોકો તે સ્વરૂપને નવીન સ્વરૂપ આપવાની ઇચ્છા રાખે છે એટલે તેમાં જમાનાને અનુસારે કેટલીએક સુધારણા કરવાની ઇચ્છા રાખે છે, કેટલુંક તેમાં શુદ્ધિનું સ્થાન છે. એ સંબંધી જૈનોએ પૂર્ણ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવાનો છે. અનેક કાળનો કાટ લાગી જવાથી, સમગ્ર રૂપે ઝાંખી થઇ ગયેલી, કહીં વધારે મેલ ચઢવાથી બેડોલ બની ગયેલી, કહીં બહુ ઘસારો લાગવાથી ખંડિત થયેલી, પ્રાચીનકાળની સામાજિક સ્થિતિને પુનઃ સાફ કરી જમાનાનો નવરંગ ચડાવી પાછી સતેજ કરવી જોઇએ. સમયસ્થિતિનો વિચાર જૈનપ્રજાના અગ્રેસરોએ કરવો જોઇએ. કેટલીએક પ્રજાના અગ્રેસરો તે વિચાર કરવા લાગ્યા છે, ત્યારે જૈનપ્રજાના અગ્રેસરો તેમાં તદન પછાત પડતા જાય છે, એ ઘણું શોચનીય છે.

જૈનપ્રજા વ્યાપારકળાની પરમ ઉપાસક છે. તેના જીવનનું કેંદ્રસ્થાન વ્યાપાર છે. તે વ્યાપારનું બળ પણ સામાજિક બળને આશ્રિને રહેલું છે. નીતિ અથવા સાખ અને નાણું—એ બે વ્યાપારના તત્વો છે. એ બે તત્વોના આધારેજ વ્યાપાર રહેલો છે. એ બે તત્વો સામાજિક બળની પૂર્ણ અપેક્ષા રાખે છે. જેમ જેમ સામાજિક બળની વૃદ્ધિ થતી જાય છે, તેમ તેમ વ્યાપારમાં વિશેષ સાધનસંપન્નતા પ્રાપ્ત થાય છે. વ્યવહારમાર્ગમાં પ્રવીણ એવા વિદ્વાનોએ સાખને માટે ઘણું વિવેચન કરેલું છે. પ્રમાણિક બુદ્ધિથી લેણદારને આપવાની નિષ્ટા એ સાખ કહેવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ સાખ જનસમાજમાં સારી પ્રતિષ્ટા પામેલો વેપારી મેળવે છે, એટલે તેમાં સામાજિકઐકયની અપેક્ષા સ્વતઃ પ્રાપ્ત થાય છે. જો એ ઉપાય ગ્રહણ કરવામાં નહીં આવે તો જૈનપ્રજાની વ્યાપારસ્થિતિ તદ્દન નિર્બલ થઈ જશે અને તેથી દેશની આબાદિમાં પણ મોટી હાનિ પહોંચશે.

આવી રીતે સામાજિકઐકયનો અપ્રતિમ મહિમા જાણી જૈનવર્ગે તન, મન અને ધનથી તેનો આદર કરવો જોઇએ. સામાજિકબળના પ્રભાવથી જૈનપ્રજા ધર્મ, નીતિ, રીતિ, વિચાર અને વિદ્યા સર્વની ઉન્નતિ સાધી શકશે અને પોતાની પૂર્વ-સ્થિતિનું પુનર્દર્શન કરી શકશે; એટલુંજ નહિ પણ ભારતવર્ષ ઉપર ગણાતી પોતાના ધર્મની અને કોમની મહત્તામાં તે મોટો વધારો કરી શકશે.

સામાજિકબળને માટે વ્યવહારસૂત્રનો એક પ્રણેતા નીચેનું કાવ્ય લખે છેઃ—

“ सामाजिकबलनावमेव सततं पूर्णां द्रढां सुस्थिराम्
आरूढा विजयं गताहि बहवो लोकाः प्रयास्यंति च ॥ ”

“ પૂર્ણ અને દ્દઢ એવી સામાજિક બળરૂપી નૌકા ઉપર આરૂઢ થયેલા ઘણાં લોકો વિજયને પામ્યા છે અને પામશે.”

આ વ્યવહારસૂત્ર વિજયસૂત્રના નામથી પ્રખ્યાત છે; કારણ કે, કોમનો વિજય સામાજિક ઐકયને આશ્રીને રહેલો છે. આ પ્રસંગ ઉપર ધારાનગરીના ઈતિહાસનું એક દૃષ્ટાંત અપાય છે.

હવે સામાજિક ઐકય સંપાદન કરવાના કયા ઉપાયો છે ? અને કેવા માર્ગો છે ? તે વિષે વિચાર કરવાની આવશ્યકતા છે. વિશ્વના વ્યવહારશાસ્ત્રને જાણનારા વિદ્વાનોએ સામાજિક ઐકય મેળવવાના ત્રણ ઉપાયો દર્શાવ્યા છે. વિદ્યા–કેળવણી, સંપ અને નિષ્પક્ષપાત એ ત્રણ ઉપાયો સામાજિકઐકય વધારનારાં છે. કેળવાએલા પુરૂષોના હૃદયમાંજ સમાજનું હિત ઉત્પન્ન થાય છે અને તે વિદ્યાના બળથી સમાજનું હિત સાધના સદા બદ્ધ પરિકર રહે છે; કારણકે તેણે સૂક્ષ્મ અવલોકન કરી સમાજનું માહાત્મ્ય જાણેલું હોય છે. વિદ્યાથી અલંકૃત થયેલા પુરૂષો સમાજના સ્વરૂપને પૂર્ણ રીતે સમજી શકેછે એટલુંજ નહીં પણ સામાજિકશક્તિ આ વિશ્વની સપાટી ઉપર કેવા કેવા કાર્યો કરી શકે છે, એ પણ તેમના પ્રબુદ્ધ હૃદયમાં જાણવામાં આવી શકે છે. તેમાં અર્થને ઉત્પન્ન કરનારી કેળવણી મેળવનારાઓ સમાજની ઉન્નતિ સાધવામાં ઘણુંજ ઉપયોગી થઇ પડે છે અને આખરે સમાજને સમૃદ્ધિથી સુશોભિત કરી શકે છે; તેથી વિદ્યા એ સામાજિક બળ મેળવવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ ઉપાય છે. બીજો ઉપાય ઐકય-સંપ છે. ઐકયતાની શ્રૃંખલાથી ગ્રથિત થયેલો સમાજ જનસમૂહનું ગૌરવ વધારવામાં અસાધારણ સામર્થ્યને ધારણ કરે છે. સંપ જનમંડળના ઉચ્ચ ભાવના ચિત્રો ઉભા કરી શકે છે અને અસાધ્ય વસ્તુને સાધી શકે છે. એક વિદ્વાન્ એકતા વિષે લખે છે કે, "સામાજિક સુધારણાનું તત્ત્વ એકતામાં જેટલું છે, તેટલું બીજામાં નથી. પ્રાચીન વિદ્વાનોએ પોતાના બુદ્ધિબળથી એજ સિદ્ધાંત કરેલો છે કે, સંપ-એકતા એક વિશ્વવિજયનુ પરમ તત્ત્વ છે. ખરી વિદ્વતાનું, ખરા જ્ઞાનનું અને ખરી સાધુજનની દાઝનું સુલક્ષણ એકતામાંજ રહેલું છે. જનસમાજને ઉદયનું દર્શન કરાવવાની ઇચ્છા રાખનારા વીર પુરૂષોએ સંપના સૂત્રનોજ ઉપદેશ કરેલો છે. પૂર્વે ધીર, સાહસી તથા સત્યપરાયણ પુરૂષો સંપની શ્રૃંખલાને દઢ કરવાનાજ પ્રયત્નો કરતા હતા. જે તેમના ભવ્ય ચરિત્રોની નોંધ ભારત વર્ષના ઇતિહાસમાં અદ્યાપિ જોવામાં આવે છે," આ ઉપરથી સિદ્ધ થાય છે કે, સામાજિક ઐકયતા મેળવવાનો બીજો ઉપાય સંપ છે.

ત્રીજો ઉપાય નિષ્પક્ષપાત છે. માનવ જીવનના સદ્વર્ત્તનની કીર્ત્તિ નિષ્પક્ષપાતપણામાં રહેલી છે. નિષ્પક્ષપાત એ ઇશ્વરપ્રસાદરૂપે ગણાનો સદ્ગુણ છે. જ્યાં પક્ષપાતનો વાસ હોય ત્યાં કોઇ કાર્યતંત્રની વ્યવસ્થા ચાલી શકતી નથી. પક્ષપાતના દુર્ગુણથી જ્ઞાતિની મર્યાદા તુટી જાય છે અને વિશ્વાસનો તદન ભંગ થઇ જાય છે. બલિસ લોકમત અને સ્વાર્પણયુક્ત કર્ત્તવ્ય પક્ષપાતથી અત્યંત દૂર રહે છે; તેથી સામાજિક ઐકય મેળવવામાં નિષ્પક્ષપાત પ્રવૃત્તિની જરૂર છે. પૂર્વકાળની જે સુવ્યવસ્થાની કીર્ત્તિ અદ્યાપિ ગવાય છે, તે પ્રભાવ નિષ્પક્ષપાત વર્ત્તનનો હતો એ ઉચ્ચ વર્ત્તનથી શુદ્ધ અને કર્ત્તવ્યભાવના સર્વ પ્રજામાં જાગ્રત રહેતી, તેથી આર્યદેશમાં પ્રત્યેક સ્થળે સામાજિકઐકયતા પ્રસરતી હતી અને તેથી ધર્મ અને સંસાર ઉત્કર્ષતાથી પ્રવર્ત્તતા હતા.

આ ત્રણ ઉપાયોથી સમૂહઐકયતાને ઉત્તમ પ્રકારની પુષ્ટિ મળે છે અને તેથી સંસાર-વ્યવહારના માર્ગમાં વિવિધ પ્રકારના લાભો થાય છે જૈનપ્રજાએ એ ઐકયતા મેળવવા મહાન્ પ્રયત્ન કરવો જોઇએ. જ્યાં સુધી જૈનપ્રજામાં સામાજિક ઐકયપણું વધશે નહી. ત્યાં સુધી તે પ્રજા ધર્મ અને સંસારની ઊન્નતિના માર્ગને દેખી શકશે નહી; એ નિઃસદેહ છે. જૈનપ્રજાનો મોટો ભાગ પ્રાચીન પ્રકૃતિને અનુસરનારો છે, તો પણ હાલ નવીન સંસ્કારો લાગવાથી અર્વાચીન પ્રકૃતિના નવીન તત્વોને માન આપી સ્વીકાર કરવા તે તત્પર થયેલો દેખાય છે. હાલ ક્રમમાં પ્રાપ્ત થયેલો જ્ઞાનાનુભવ પ્રજાને તેને અનુકૂલ એવા પ્રવર્ત્તનમાં લઈ જાય છે અને તે જો ઉત્તમ પ્રકારે યોજાયેલો હોય તો તેથી અનેક જાતના લાભ થાય છે. એ વાત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવી વિદ્વાનોએ સિદ્ધ કરી છે. તો જૈન પ્રજાએ પણ તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાની જરૂર છે. તેથી જૈનપ્રજા અવશ્ય પોતાની સર્વ પ્રકારની ઉન્નતિ મેળવી શકશે એ નિઃસંશય વાત છે. સામાજિકઐક્ય વિના કાર્યસિદ્ધિ કદિ પણ પરિપૂર્ણ થઇ શકવાની નથી, એ નિશ્ચયથી સમજવું. આર્હત શાસનની અધિષ્ઠાત્રી દેવી જૈનપ્રજામાં સામાજિકઐકય સંપાદન કરવાની પ્રેરણા પ્રગટાવો, એજ અમારી અભ્યર્થના છે.

સંપૂર્ણ.

# " શાસ્ત્ર બોધ. "

( લેખક—સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ અનેક સંશયોનો ઉચ્છેદ કરનાર અને પરોક્ષ (અપ્રગટ) અર્થને બતાવનાર એવું શાસ્ત્ર સર્વનું લોચન છે. અને જેને એ શાસ્ત્ર ચક્ષુ નથી તે અંધ છે.

૨ કાકચેષ્ટા—કાગડાની જેવી ચંચળતા, બગધ્યાન—બગલાની જેવી એકાગ્રતા, શ્વાનનિદ્રા ( અલ્પ માત્ર નિદ્રા ), સ્વલ્પ—પરિમિત આહાર અને સ્ત્રીનો ત્યાગ ( અપરિચય ) એ પાંચ લક્ષણ વિદ્યાર્થીનાં જાણવા.

૩ સુખ સંપદાને ઇચ્છતા પુરૂષોએ નિદ્રા, તંદ્રા, ભય, ક્રોધ, આળસ અને દીર્ઘ સૂત્રતા ( કાર્ય કરવામાં મંદતા ) એ છ દોષો ખાસ તજવા જોઇએ.

૪ સંયમ—આત્મ દમન રૂપ અગાધ જળથી ભરેલી ( પવિત્ર આરાવાળી ), સત્યરૂપ તટવાળી, અને દયારૂપી તરંગવાળી આત્મરૂપી નદીમાં હે ભવ્યાત્મન્! તું સ્નાન કરી શુદ્ધ થા. તે વગર કેવળ જળવડેજ અન્તરાત્મા શુદ્ધિ પામતો નથી-શુદ્ધ થતો નથી.

૫ સદાચારનું સેવન નહીં કરવાથી અને દુરાચાર સેવવાથી તથા ઇન્દ્રિયોને પરવશ બની જવાથી મનુષ્ય અધોગતિને પામે છે.

૬ સજ્જનોના મુખમાં દોષો ગુણનું આચરણ કરે છે અને દુર્જનોના મુખમાં ગુણો દોષોનું આચરણ કરે છે તેમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી, જૂઓ! મહામેઘ ખારૂં ( સમુદ્રનું ) જળ પીએ છે અને મધુર જળ વર્ષે છે, અને ફણીધર—સર્પ દુધ પાન કરીને અતિ ઉગ્ર વિષ વમે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ મૃત્યુનું શરણુ કર્યા વગર, સર્પના મણિ ઉપર, કૃપણુના ધન ઉપર, સતીના હૃદય ઉપર, કેશરીસિંહની વ્યાલ ઉપર અને ક્ષત્રીને શરણે આવેલા ઉપર હસ્ત પ્રક્ષેપ કોઇ કરી શકતું નથી.

૮ જે જેના ગુણુ પ્રકર્ષને જાણુતો નથી તે તેને સદાય નિન્દે છે તેમાં કાંઇ આશ્ચર્ય નથી, જૂઓ ! ભીલડી મૂકતાફળ ( મોતી )ને તજી દઇને ચણોઠીને ધારણુ કરે છે. કેમકે તેને મોતીની ખરી કિમ્મત નથી.

૯ જિતેન્દ્રિયપણું વિનયનું કારણુ છે અર્થાત્ વિનય ગુણુની ઉત્પત્તિ જિતેન્દ્રિયપણુાથી થાય છે. વિનયથી ( અનેક ) સદ્દગુણો પ્રકાશે છે.

અધિક સદ્દગુણી પુરૂષ ઉપર લોકો પ્રેમ રાખતા થાય છે અને એવી લોકપ્રિયતાથી સંપદા પ્રાપ્ત થાય છે. માટે ઇન્દ્રિયજિત્ થવું જરૂરનું છે.

ઇતિશમ્.

મુંબઇ ઇલાકામાં જૈનોની કેળવણી સંબંધ સ્થિતિ સંબંધી તપાસ કરવા સારૂ જૈન એજ્યુકેશન બોર્ડને કરેલી અરજીનો જવાબ.

શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ,
પાયધુની મુંબઇ, તા૦ ૧૧-૯-૧૭.

નં. ૮૭

રા. રા. નરોતમ બી. શાહ—મુંબઇ.

જયજિનેંદ્ર સાથે લખવાનું કે આપનો પત્ર એજ્યુકેશન બોર્ડની ગઈ કાલે મળેલી મીટીંગમાં રજુ કરવામાં આવ્યો હતો. તે સંબંધી જણાવવાનું કે આપે જૈન કોમની કેળવણીની સ્થિતિ પર લક્ષ ખેંચ્યુ છે તે માટે આપનો ઉપકાર માનવામાં આવે છે. એજ્યુકેશન બોર્ડ સેકન્ડરી અને ઉચ્ચ કેળવણી માટે પોતાથી બનતું કરે છે પ્રચાર માટે ફંડ બહોળું હોવું જોઈએ એ મુખ્ય કારણુ છે.

લી૦ શુભેચ્છકો,
મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ,
મોહનલાલ દલીચંદ દેશાઇ.
ઓન. સેક્રેટરીઓ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણેનો જૈન એજ્યુકેશન બોર્ડ તરફથી મળેલા જવાબથી જૈન કોમના પ્રાથમીક કેળવણી લેતા લગભગ ૮૭ ટકા જેટલા વિદ્યાર્થીઓ આગળ ભણવાનું છોડી દેતા હોવાને લગતી હાજતનો ગંભીરપણાનો નિર્ણય નહી થઇ શકતો હોવાથી તે સંબંધી પ્રાંતવાર તપાસ કરી જૈન કોમની કેળવણીની સ્થિતિ જણાવવા સારૂ મુંબઇ સરકારના કેળવણી ખાતાના વડા અધીકારી ઉપર મી० નરોતમ બી. શાહે એક અરજી કરી ધ્યાન ખેંચ્યુ છે.

---:o:---

## પુસ્તક પહોંચ.

નીચેના પુસ્તકો અમોને ભેટ મલ્યા છે, જે આભાર સાથે સ્વીકારવામાં આવે છે.

| | |
|---|---|
| ૧ આવશ્યક સૂત્ર પ્રથમ વિભાગ.<br>૨ શ્રી ઔપપાતિક સૂત્ર.<br>૩ શ્રી આચારાંગ સૂત્ર ભા. ૧ લો.<br>૪ ,, ભા. ૨ જો.<br>૫ શ્રી આવશ્યક સૂત્ર બીજો વિભાગ. | બાબુ સાહેબ પ્રતાપચંદજી ગુલાબચંદજી મુંબઈ. |
| ૬ શ્રી ઉપદેશ રહસ્ય.<br>૭ શ્રી પ્રમાણ—લક્ષ્મ.<br>૮ શ્રી હરિભદ્રસૂરિકૃત અષ્ટકજી.<br>૯ સ્યાદ્વાદરત્નાકર (પ્રમાણ નયતત્વ-લોકાલંકાર.)<br>૧૦ અધ્યાત્મકલ્પદ્રુમ.<br>૧૧ સ્તોત્રભાનુ.<br>૧૨ જૈનતત્વ પરિક્ષા. | શેઠ સાહેબ મનસુખભાઇ ભગુભાઇ અમદાવાદ. |

જૈન સાહિત્ય સંમેલન કાર્યવિવરણ ભા. ૧-૨ જો શ્રી યશોવિજયજી ગ્રંથમાળા. ઓફીસ ભાવનગર.

સમાધિ તંત્ર—ડો० ભુખણદાસ પ્રભુદાસ સુરત.

બારહમાસા યાને સ્તવન સંગ્રહ—શ્રી આત્માનંદ જૈનસભા અંબાલા.

---o:o---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પંન્યાસજી મહારાજ શ્રી દાનવિજયજીએ શ્રીમાન્ ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજા, પાસે આપેલું ભાષણ.*

આપની ધર્મ વિષયક શ્રવણાભિલાષા થવાથી અમોએ અતિ આનંદિત થઇ દેવગુરૂ ધર્મનું કિંચિત્ સ્વરૂપ પ્રતિમાની સિદ્ધિ, જગતની અનાદિ સિદ્ધિ, જીવની સિદ્ધિ આદિ તથા ગૃહસ્થધર્મને પ્રાપ્ત કરવા યોગ્ય પાંત્રીસ ગુણોમાંથી સાત ગુણ સુધીનું સ્વરૂપ પ્રથમ કથન કરેલ છે. હવે બાકી રહેલ ગુણોનું કિંચિત્ સ્વરૂપ કથન કરૂં છું. તે સાંભળીને તે સંબંધી યોગ્યાયોગ્યનો વિચાર કરવો તે આપ બુદ્ધિમાનોને આધીન છે.

## मंगलाचरणम् ।

अर्हन्सर्वार्थवेदी यदुकुलतिलकः केशवः शंकरो वा,
बिभ्रद्गौरीं शरीरे दधदनवरतं पद्मजन्माक्षसूत्रम् ।

बुद्धो वाऽलं कृपालुः प्रकटितभुवनो भास्करः पावको वा
रागाद्यैर्यो न दोषैः कलुषितहृदयस्तं नमस्यामि देवम् ॥ १ ॥

**ભાવાર્થ**—સર્વ પદાર્થ ( ચરાચર જગત ) ના જાણ શ્રી અર્હંત ભગવાન હોય, અથવા યાદવ કુલને વિષે તિલક સમાન શ્રી કૃષ્ણ મહારાજા હોય, અથવા શરીરમાં પાર્વતીને ધારણ કરનાર શિવજી હોય, અથવા નિરંતર જપમાળા ધારણ કરનાર બ્રહ્માજી હોય, અથવા અત્યંત કૃપાવંત બુદ્ધ મહારાજા હોય, અથવા જગતને પ્રકાશ કરનાર સૂર્ય હોય કે અગ્નિ હોય, પરંતુ રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ, મોહ, અજ્ઞાન, નિદ્રા, કષાય આદિ દોષોથી જે મહાત્માઓના હૃદય કલુષિત નથી તે પરમ દેવને મારો નમસ્કાર થાઓ. ॥ १ ॥

* ગયા ૧૪ વર્ષમાં અને તે પહેલાંના વર્ષના આ માસિકોમાં સાત ગુણો ઉપર આપેલ ભાષણો પ્રસિધ્ધ થયા બાદ હાલમાં ઉકત મહાત્મા પાસેથી બાકી રહેલા નહી પ્રસિધ્ધ થયેલાં બાકીનાં ભાષણો હાલમાં અત્રે આવેલ હોવાથી અત્ર આપવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રેષ્ટ સંગરૂપ આઠમા ગુણનું સ્વરૂપ.

આ લોકના તથા પરલોકના હિતને માટે પ્રવૃત્તિ કરનાર પુરૂષોના સંગ કરવો, પરંતુ જુગારી, ધૂર્ત, વિટ, ભાંડ આદિ પુરૂષોને। સંગ ન કરવો, કારણ જેવી સોબત તેવી અસર થયા વિના રહેતી નથી. કહ્યું છે કેઃ—

पश्य सत्संगमाहात्म्यं स्पर्शपाषाणयोगतः ।
लोहं स्वर्णीभवेत्स्वर्णयोगात्काचो मणीयते ॥ १ ॥
विकाराय भवत्येव कुलजोऽपि कुसंगतः ।
जलजातोऽपि दाहाय शंखो वह्निनिषेवणात् ॥ २ ॥
आस्तामौपाधिको दोषः सहजोऽपि सुसंगतः ।
अपयाति यथा कर्म जीवस्य ज्ञानसंगमात् ॥ ३ ॥
एकमातृपितृत्वेऽपि श्रूयते शुकयोर्द्वयोः ।
भिल्लानां च मुनीनां च संगाद्दोषो गुणो यतः ॥ ४ ॥

**ભાવાર્થ**—જુઓ સત્સંગનું માહાત્મ્ય કેવું છે. સ્પર્શ (પારસ)મણિના સંગથી લોહું પણ સુવર્ણપણાને પામે છે અને કાચ સોનાના સંગથી મણિની ગણત્રીમાં આવે છે. ॥ ૧ ॥

જેમ જળમાં પેદા થયેલો શંખ અગ્નિના સંગથી દાહક ગુણવાળો થાય છે, તેમજ સારા કુળમાં ઉત્પન થયેલો પુરૂષ પણ ખોટી સોબતથી વિકારપણાને પ્રાપ્ત થાય છે, અર્થાત્ દુર્ગુણી થાય છે. ॥ ૨ ॥

ઉપાધીથી ઉત્પન્ન થયેલ દૂષણ તો દૂર રહે, એટલે નાશ પામેજ, પરંતુ જ્ઞાનના યોગથી જીવની સાથે અનાદિ કાળથી લાગેલાં કર્મ પણ નાશ પામે છે, તેની માફક સ્વાભાવિક દૂષણો હોય, તે પણ સત્સંગથી નાશ પામે છે. ॥ ૩ ॥

આપણે સાંભળીએ છીએ કે, એકજ મા બાપના યોગથી ઉત્પન્ન થયેલ બંને પોપટોમાંથી એક પોપટ ભીલ લોકોના સહવાસથી દુર્ગુણી થયો, અને બીજો મુનિ મહાત્માઓના સંગથી સદ્દગુણી થયો. ॥ ૪ ॥

સત્સંગરૂપ સદ્દગુણ પોપટ જેવા પક્ષીને અને લોહ તથા કાચ જેવા અચેતન પદાર્થને ગુણકારી થાય છે, તો મનુષ્ય જેવા રત્નને તો તેથી ગુણની પ્રાપ્તિ થાય, એ વાત નિઃસંશયજ છે.

તેમજ આ જગતમાં પદાર્થ બે પ્રકારના છેઃ પ્રથમ ભાવુક અને બીજો અભાવુક. તેમાં ભાવુક એટલે ફેરફાર થવાવાળો, અને ફેરફાર ન થવાવાળાનું નામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવુક છે. ઉદાહરણમાં જેમ આંબાનું વૃક્ષ હોય, ને તેની જડમાં લીંબડાનું વૃક્ષ હોય. તો તે આંબાના ફળમાં કટુકતા ઉત્પન્ન થાય છે, અને જો ચંદનનું વૃક્ષ હોય તો સુંગધી ઉત્પન્ન થાય છે. અર્થાત્ જેવી સોબત મળે, તેવી અસર થાય છે. અને એરંડ નામના વૃક્ષની સાથે ગમે તે વૃક્ષનો સંયોગ થાય, તોપણ તેને કંઈ પણ અસર થતી નથી. આ ભાવુક અને અભાવુક પદાર્થની ઉદાહરણ સાથે વ્યાખ્યા કરવાનું તાત્પર્ય એટલુંજ છે કે, આ ચેતન કહો, આત્મા કહો, અથવા જીવ કહો, તે આંબાના વૃક્ષની જેમ ભાવુક ગુણવાળો છે; માટે તે જેવા પ્રકારના સહવાસમાં આવે તેવો બની જતાં તેને કંઇ ઘણો સમય લાગતો નથી. માટે કુસંગનો ત્યાગ કરી બનતા પ્રયાસે સત્સંગની પ્રાપ્તિ કરવી.

॥ ઇતિ આઠમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ. ॥

## માતાપિતાદિકની સેવા કરવારૂપ નવમા ગુણનું સ્વરૂપ.

માતાપિતા આદિ વૃદ્ધ પુરૂષોની ત્રણે કાલ નમસ્કારાદિ રૂપ સેવા કરવી. માતાપિતાદિકની સેવા કરવાથી તીર્થયાત્રા સમાન ફળની પ્રાપ્તિ થાયછે. કહ્યું છે કે:-

मातापित्रादिवृद्धानां, नमस्कारं करोति यः ।
तीर्थयात्राफलं तस्य, तत्कार्योऽसौ दिने दिने ॥ १ ॥

**ભાવાર્થ**:—માતાપિતા, વડીલ બંધુ તથા મોટી બ્હેન આદિ વૃદ્ધ પુરૂષોને જે પુરૂષ નમસ્કાર કરે છે, તેને તીર્થયાત્રાનું ફળ પ્રાપ્ત થાય છે; માટે સત્પુરૂષે અહર્નિશ ઉપરોકત વૃદ્ધ પુરૂષોની નમસ્કારરૂપી સેવા બજાવવામાં ચુકવું નહીં. ॥ ૧ ॥

માતાપિતાદિની પૂજા કરવી તે તો સજ્જન પુરૂષોનું સ્વાભાવિક લક્ષણ છે. કહ્યું છે કે:—

आस्तन्यपानाज्जननी पशूनामादारलाभाच्च नराधमानाम् ।
आगेहकर्मावधि मध्यमानामाजीवितात्तीर्थमिवोत्तमानाम् ॥ १ ॥

**ભાવાર્થ**:—પશુઓ જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી માતાનો સંબંધ રાખે છે, અને અધમ પુરૂષો સ્ત્રી મળે ત્યાં સુધી, અને મધ્યમ પુરૂષો જ્યાં સુધી ગૃહસ્થાવાસ ચલાવવાની શક્તિ ન પ્રાપ્ત થાય ત્યાં સુધી અને ઉત્તમ પુરૂષો તો જીવતાં સુધી પરમોપકારી માતાની પાલના કરે છે, ॥ ૧ ॥ માટે ઉત્તમ પુરૂષોના આ ઉત્તમ ગુણોનું અનુકરણ કરવાની ઇચ્છાવાળા પુરૂષોએ માતાપિતાની સેવારૂપ ગુણ અંગીકાર કરવા લાયક છે; તેમજ દરેક કાર્ય કરતાં પહેલાં માતાપિતાની આજ્ઞા માગવી જોઈએ. અર્થાત્ દરેક કાર્ય માતાપિતાની આજ્ઞાથીજ કરવું. આજ્ઞા માનવી, એ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એક ઉત્તમ પ્રકારની સેવા છે. માતાપિતાની માફક પોતાના વિદ્યાગુરૂ તેમજ ધર્મ ગુરૂની પણ અવશ્ય અહર્નિશ સેવા કરવી.

॥ ઇતિ નવમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ. ॥

## ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવારૂપ દશમા ગુણનું સ્વરૂપ.

સ્વચક્ર તથા પરચક્રનો વિરોધ, દુષ્કાળ, મરકી આદિ ઇતિઓ અને પ્રજાના પરસ્પર કલેશથી ઉપદ્રવવાળા નગરાદિકનો ત્યાગ કરવો, અને જો ત્યાગ ન કરે તો પ્રથમ ઉપાર્જન કરેલ ધર્મ, અર્થ અને કામનો નાશ થાય છે, અને નવીન પેદા થવા પામતા નથી. અને તે ધર્મ, અર્થ અને કામ ઉત્પન્ન ન થવાથી આલોક તથા પરલોક બગડે છે, તેમજ ગ્રામાદિક જેવા સ્થાનમાં વાસ કરવાથી બુદ્ધિનો નાશ થાય છે, માટે તેવા સ્થાનનો પણ ત્યાગ કરવો. કહ્યું છે કે:--

यदि वांच्छसि मूर्खत्वं, वसेद्ग्रामं दिनत्रयम् ।<br>अपूर्वस्यागमो नास्ति, पूर्वाधीतं विनश्यति ॥ १ ॥

ભાવાર્થ:--હે ઉત્તમ પુરૂષ ! જો તારે પોતાને મૂર્ખપણાની ઇચ્છા હોય, તો ગામની અંદર ત્રણ દિવસ વાસ કરવો. કારણ કે ગામમાં રહેવાથી નવીન વિદ્યાનો લાભ થાય નહીં. અને પ્રાપ્ત કરેલી વિદ્યાનો નાશ થાય છે. ॥ ૧ ॥

માટે એવા અવગુણને ઉત્પન્ન કરનાર ગામમાં વાસ ન કરવો. પરંતુ જ્યાં દેવગુરૂ આદિ સત્પુરૂષોનો સમાગમ તથા સદ્ગુણોની પ્રાપ્તિ થાય, તેવા સ્થાનમાં વાસ કરવો કહ્યું છે કે:—

गुणिनः सुनृतं शौचं, प्रतिष्ठा गुणगौरवम् ।<br>अपूर्वज्ञानलाभश्च, यत्र तत्र वसेत्सुधीः ॥ १ ॥

ભાવાર્થ:—જે નગરમાં ગુણી પુરૂષોનો વાસ હોય અને સત્ય, શૌચ, માન્યતા, ગુણની ગૌરવતા, અપૂર્વ જ્ઞાનનો લાભ આદિ ગુણોની પ્રાપ્તિ થાય તેવા ગામમાં બુદ્ધિમાન્ પુરૂષોએ નિવાસ કરવો એજ ઉચિત છે.

॥ ઇતિ દશમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ. ॥

## નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવારૂપ અગીઆરમા ગુણનું સ્વરૂપ.

દેશ, જાતિ, કુલ આદિની અપેક્ષાએ કરીને જે કામ નિંદિત હોય, તે કાર્ય સત્પુરૂષોને કરવું ઉચિત નથી. પરંતુ જે કાર્ય કરવાથી સુખની પ્રાપ્તિ થાય, તેવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્ય કરવું. કહ્યું છે કે,-

दिवसेनैव तत्कार्यं येन रात्रौ सुखी भवेत् ।
मासैरष्टभिस्तत्कार्यं वर्षासु स्याद्यतः सुखी ॥ १ ॥
पूर्ववयसि तत्कार्यं येन वृद्धः सुखी भवेत् ।
सर्ववयसा तत्कार्यं येन प्रेत्य सुखी भवेत् ॥ २ ॥

**ભાવાર્થ;**—આખા દિવસમાં એવા પ્રકારનું કામ કરવું કે, જેથી રાત્રી સુખી અવસ્થામાં નિર્ગમન થઈ શકે, અને આઠ માસમાં પણ એવું ઉત્તમ કાર્ય કરવું કે, જેથી વર્ષા રૂતુ નિરૂપાધિપણે વ્યતીત થઈ શકે. ॥૧॥ પ્રારંભની ઉમ્મરમાં એવું કામ કરવું કે, જેથી વૃદ્ધાવસ્થા નિરાબાધપણે ઉલ્લંઘન કરી શકાય, અને સંપૂર્ણ ઉમ્મરમાં એવી નીતિથી ઉત્તમ કાર્ય કરવાં કે, જેથી પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય.

ઉપરોક્ત શાસ્ત્રકારનાં વચનોને બહુ માનપૂર્વક અંગીકાર કરી સર્વ રીતે સુખને આપનાર એવાં નીતિમય કાર્યો કરવાં, એજ સજ્જન પુરૂષોને ઉચિત છે અને ઉપરોક્ત નિંદિત કાર્યોથી નિવર્તન થવું, એ કર્ત્તવ્ય છે.

॥ ઇતિ અગીઆરમા ગુણનું સ્વરૂપ ॥

## આવક પ્રમાણે વ્યય કરવારૂપ બારમા ગુણનું સ્વરૂપ.

ખેતી તથા વ્યાપાર અને રાજસેવાદિથી જે ધનની પ્રાપ્તિ થાય, તેનું નામ આવક કહેવાય છે, અને સ્વકુટુંબનું પોષણ કરવું, તથા પોતાના સંબંધી તથા દેવ અતિથિ આદિની પૂજા આદિ કાર્યોમાં દ્રવ્યનો ઉપયોગ કરવો, તેનું નામ વ્યય કહેવાય છે, એવા પ્રકારનો વ્યય કરવો તે પણ પોતાની આવકને અનુસારે કરવો; કારણ કે જો આવકના પ્રમાણથી અધિક વ્યય જે પુરૂષ કરે, તે પુરૂષ અલ્પ કાળમાં નિર્ધન અવસ્થાનો અનુભવ કરે છે. કહ્યું છે કે,-

आयव्ययमनालोच्य, यस्तु वैश्रमणायते ।
अचिरेणैव कालेन, सोऽत्र वै श्रमणायते ॥ १ ॥

**ભાવાર્થ:**—જે પુરૂષ આવક તથા ખરચનો વિચાર કર્યા વિના કુબેરભંડારીની માફક દાતાર બની જાય છે, તે પુરૂષ અલ્પકાળમાંજ આ લોકમાં નિર્ધનપણાને પ્રાપ્ત થાય છે. ॥૧॥

શાસ્ત્રકારોએ તો ગૃહસ્થો સદાકાલ ધર્મમાં સ્થિર ચિત્તવાળા રહી શકે એવા હેતુથી આવકને અનુસારે વ્યય કરવા ઉપદેશ કરેલ છે, તે પણ કેટલા પ્રમાણમાં કરવો તે બતાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पादमायान्निधिं कुर्यात्, पादं वित्ताय वर्द्धयेत् ।
धर्मोपभोगयोः पादं, पादं भर्त्तव्यपोषणे ॥ १ ॥

**ભાવાર્થ**:—આવકનો ચોથો ભાગ ભંડારમાં સ્થાપન કરે, અને ચોથો ભાગ વેપારમાં ખરચે, અને ચોથો ભાગ ધર્મકાર્યમાં તથા શરીરના ઉપભોગમાં, અને ચોથો ભાગ પોષ્યવર્ગ (કુટુંબાદિક) ના નિર્વાહ કરવામાં ખરચે. ॥૧॥

આવકનો વિચાર કર્યા વિના ખર્ચ કરવાથી ઉપરોક્ત દોષની ઉત્પત્તિ થાય છે, એમ જાણીને સજ્જન પુરૂષોને શાસ્ત્રકારોએ ઉપરોક્ત શ્લોકમાં ખર્ચ કરવાની જે પદ્ધતિ બતાવી, તેજ પદ્ધતિ અંગીકાર કરવી ઉચિત છે.

॥ ઇતિ બારમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ. ॥

# એક મહાનપુરૂષ નરરત્નનો સ્વર્ગવાસ.

સકળ ભારતવર્ષના જૈન અને જૈનેતર વર્ગમાં સુપ્રસિદ્ધ, ઝવેરાતનાં ધંધામાં સુવિખ્યાત, જૈન સમાજના પ્રથમ પંક્તિમાં ગણાએલા મુખ્ય પુરૂષ રાજમાનનીય કલકત્તા નિવાસી ધર્મબંધુ **બાબુસાહેબરાય બદ્રીદાસજી મુકીમ બહાદુર** ગયા દ્વિતીયભાદરવા વદી ૨ ના રોજ સાંજના પાંચ કલાકે સામાન્ય વ્યાધિ ભોગવી પંચાશી વર્ષની વૃદ્ધ વયે, અંતઃસમયે સાગારી અણુસણ વગેરે ધાર્મિક ક્રીયા કરતાં, પરમાત્માના નામ સ્મરણ કરતાં કલકત્તામાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. પૂર્વ ભવમાં જીવદયા પાળેલી તેના પુરાવા તરીકે છેવટ સુધી શારીરીક સ્થિતિ નીરોગી હોવા સાથે દરેક કાર્યો કરવા સમર્થવાન હતા અને આવતા ભવમાં પણ તેવી સ્થિતિ પ્રાપ્ત કરવા આ ભવમાં પણ કલકત્તામાં પાંજરાપોળની સ્થાપના કરવામાં, શ્રી સંમેતશીખર ઉપર ચરબીનું કારખાનું કાઢવામાં તેમજ જીવના જાનવરોપર ડાકતરી અજમાયસ કરી નિર્દયતાથી મારવાની વીવીસેક્ષન સોસાઇટી કલકત્તામાં સ્થપાતા તે બંધ રખાવવા વગેરે જીવદયાના કાર્યો કરવા સમર્થવાન થયા હતા. વળી દેવગુરૂ પ્રત્યેની અડગ શ્રદ્ધા સાથે જિન દેવની પ્રત્યેની અપૂર્વ શ્રદ્ધા હોવાથી પોતાંના નિવાસ સ્થળમાં એક સુંદર જિન મંદીર અગણીત દ્રવ્ય ખર્ચી. ( કે જે મંદીર જોવાનો જૈનતર અને અનેક યુરોપીયન લોકો નિરંતર લાભ લે છે ) તેમજ પોતાના નિવાસ ગૃહમાં પણ અને શ્રી સંમેતશીખરજી તીર્થ ઉપર ઘણાંજ સુંદર જિન મંદિરો બંધાવી તે સાથે પરમાત્માની અપૂર્વ ભક્તિ નિરંતર અખંડપણે કરતા હતા તેટલુંજ નહિ પરંતુ શ્રી સંમેતશીખરજી તથા શ્રી મક્ષીજી જેવા મહાન તીર્થોના રક્ષણ માટે પણ પારવાર પ્રયત્ન કરનાર હતા અને તે સાથે પચીશ વર્ષ થયા તો પુજ્ય શ્રી મોહનલાલજી મહારાજ પાસે બાર વ્રત અને ( બ્રહ્મચર્ય વ્રત સર્વથા) ગ્રહણ કર્યાં હતા જેથી તેઓ એક ખરેખર ધર્મ વીરપુરૂષ હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય સંપત્તિ, ઉજ્વલ કીર્તિ વગેરે સ્વહસ્તે (ઝવેરાતના વિશાળ ધંધાથી) મેળવેલ હોવાથી તેમજ પોતાની ઉત્તમ લક્ષ્મીનો અનેક કાર્યોમાં ખર્ચ કરી અનેક મનુષ્યો ઉપર ઉપકાર કરી મનુષ્ય જન્મ સાર્થક કરેલ હોવાથી એક ખરેખરા દાનવીર પુરૂષ હતા.

તેઓ ઝવેરાતના ધંધામાં સુવિખ્યાત અને કુશળ હોવાથી તેમજ ઉમદા ઉમદા ઝવેરાત તેઓશ્રી પાસે હોવાથી હાલમાં આ દેશમાં પધારેલા **નામદાર કૃપાળુ શહેનશાહ જ્યોર્જ પંચમ** તેમજ ઇતર અનેક દેશ પ્રદેશના મનુષ્યો જોઇ ખુશી થતા હતા.

એમના યશસ્વી પણાને લઇને **સરકારી ઝવેરીની, મુકીમની, મુકીમ એન્ડ કોર્ટ જ્વેલરની, રાયબહાદુરની** અને **એમ્પ્રેસ ઓફ ઇંડીયા** એમ જુદા જુદા વૉઇસરાય સાહેબ તરફથી ચાંદો–ખેતાબો મળેલા હોવાથી રાજ્યમાન્ય પુરૂષ થયેલા હતા તેમજ કલકત્તાની ચેમ્બર ઓફ કોમર્સના પ્રથમ વર્ષમાં પ્રમુખ તરીકે તેમજ શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિ તરીકે તેમજ જૈન એસોશીએસન ઓફ ઇંડીયા વગેરે સંસ્થાઓના એક મુખ્ય પુરૂષ અને નેતા હોવાથી ખરેખર એક નરરત્ન હતા એઓ શ્રીનું આખું જીવન અનુકરણીય અને ચમત્કારિક આલ્હાદ ઉત્પન્ન કરે તેવું હતું. એ સ્વર્ગવાસી પુરૂષની પાછળ સાંભળવા પ્રમાણે એક લાખની રકમ સારા માર્ગે વ્યય કરવા કહેલી છે. છેવટની સ્થિતિએ બે પુત્રો ૭ પૌત્રો ૨ પૌત્રીઓ તેમજ ૧ પ્રપૌત્રો વીગેરે સર્વે કુટુંબ તેમની પાસે રહી છેવટ સુધી તેઓશ્રીની અખંડ સેવા કરી ફરજ બજાવતું હતું ધર્મના અનેક કાર્યો પરત્વે એ મહાન પુરૂષની ખોટ પડી છે, પરંતુ એમના સુપુત્રો **બાબુ સાહેબ રાયકુમારસિંહજી અને રાજકુમારસિંહજી** પોતાના પૂજ્ય પિતાશ્રીના પગલે ચાલી ધર્મના અનેક કાર્યોમાં તે ખોટ પુરશે એવો અમો વિશ્વાસ ધરાવીયે છીયે અને સુચના કરીયે છીયે.

આ નરરત્ન પુરૂષ દેહમુક્ત થયા પછી તેમના દેહને સુંદર વિમાન (માંડવીમાં) બેસાડી વાજીંત્રો સાથે પુષ્પ. દ્રવ્ય વગેરેની વૃષ્ટિ કરતાં અગ્નિ સંસ્કાર તેમના બગીચાની નજીક કરવામાં આવ્યો હતો. આ ખબર તાર દ્વારા સર્વ સ્થળે ફેલાતાં ઘણીજ દીલગીરી ફેલાઇ હતી તેમના માનમાં અનેક સંસ્થા (આ સભા પણ) બંધ રાખવામાં આવી હતી. આવા પુરૂષના સ્વર્ગવાસથી આ સભાને અત્યંત દીલગીરી થઇ છે અને જૈન સમાજને નહી પુરી શકાય તેવી ખોટ પડી છે તેટલુંજ નહીં, પરંતુ જૈન કોમમાંથી એક અમૂલ્ય રત્નનો અભાવ થયો છે. અમે અમારી સંપૂર્ણ દીલગીરી જાહેર કરીયે છીયે અને તેમના બંને સુપુત્રોને તેમજ તેમના સમગ્ર કુટુંબને દિલાસો આપવા સાથે એ સ્વર્ગવાસી (દેવલોક નિવાસી) પવિત્ર આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ એમ પ્રાર્થના કરીયે છીયે

For Private And Personal Use Only